# મણિલાલ હ.પટેલની વાર્તાઓમાં સમાજદર્શન

ડૉ. નટવરસિંહ કે. ઠાકોર
મુ.પો.કુણઘેર ,તા.જી.પાટણ ,પિન- ૩૮૪૨૫૫

ટૂંકીવાર્તા કે નવલિકા ભલે ટૂંકી કહેવાતી પણ તેની અસર માનવીના ચિત પર લાંબી રહે છે. ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય લેખક ધૂમકેતુએ માટે જ તેને " વીજળીના ચમકારા " જેવી કહીને નવાજી છે. મણિલાલ હ.પટેલનો વાર્તાસંગ્રહ –' બાપાનો છેલ્લો કાગળ 'ધૂમકેતુ ની વાર્તામાં શાખ પૂરે છે. ગુજરાતી કથાસાહિત્યમાં લોકજીવનના ધબકારને ઝીલવામાં મણિલાલ પટેલ પાવરધા કલાકાર છે.તેની પ્રતિતી બાપાનો છેલ્લો કાગળ વાંચતાં વાચકને સહેજેય થાય છે.

આ સંગ્રહની કુલ ૧૮ વાર્તાઓમા માનવસંબંધોના તાણાવાના ગુંથાયેલા છે. મોટાભાગની વાર્તાઓ ગ્રામીણ જીવન જ પાયા પર ઊભેલી છે. ગામડાં લોકજીવન તેની નીતિરીતિ ,વેદના,સામાજિક રીતરિવાજો ,સામાજિક બંધનો વગેરેનું નિરૂપણ આ સંગ્રહમાં છે. લોકજીવનનો ધબકાર અને સામાજીક વાસ્તવ આ સંગ્રહના પન્ને ...પન્ને ડોકાય છે.તેની જબરી વિશેષતા તો એ કહે છે કે ...લોકજીવનના ધબકાર લેખક નરદમ લોકબોલીમાં અને લેહકામાં લઈ આવે છે. આબેહૂબ ગ્રામીણ જીવન તેણે અહી અક્ષરો દ્વારા ઊભું કર્યું છે. લોકજીવનના રૂઢ થયેલા શબ્દો ,કહેવતો ,ગીતો ,રૂઢિપ્રયોગોના ઉપયોગથી વાચકને ગ્રામીણજીવનની લગોલગ ઊભો કરી ડે છે.લેખકની વાર્તા કહેવવાની કરવાની શૈલી જ ગ્રામીણધૂળમાં રગદોળાયેલી છે. જેમાં એકવાર વાચક પેઠા પછી માથાબુડ થઈ જાય છે. સંગ્રહનું શીર્ષક જેના નામ પરથી પડ્યું છે તે વાર્તા "બાપાનો છેલ્લો કાગળ " સંગ્રહની આઠમી વાર્તા છે. કાગળ પેન ના ઠેકાના નથી અને કાગળ લખતા લખતા આંખોમાં પાણી આવે, ધ્રુજે તેવા જીવનની કિનારીએ બેઠેલા એક વૃદ્ધ બાપા શહેર માં રહેતા પોતાના પુત્રને કાગળ લખે છે.વર્ષોથી શહેરમાં રહીને નોકરી કરતા દીકરા સાથે બેસીને શાંતિથી વાત કરવાનો મોકો જ મળ્યો નથી.જીવનની ઢળતી સાંજે જાણેકે કેટલાય ખુલાસા કરવા માટે તેઓ આ કાગળ લખી રહ્યા છે.શહેરમાં સુખી જીવન જીવતા દીકરાને ખરા સમયે ભણાવવામાં મદદ કરી ના શક્યો. ના વસવસો કે ના દુખ છે. તો સાથે સાથે પોતે વિતાવેલા દુખી જીવન અને સમાજજ્ઞાતિ ના તણાવથી ઘસાઈ ગયેલા જીવનની વાત પણ બાપા કાગળમાં માડે છે. આજે બાપા જાણે હૈયું ઉઘાડું કરીને બેઠા છે. તેઓ જાણે કે કદાચ આવતીકાલે નહીં હોય...

ખેંચાયેલો વરસાદ-વાર્તામાં વરસાદ ન આવવાથી ધરતી જેમ સુકાઈને વિલાવા માંડે છે તેમ પ્રેમને ઝંખતી નાયિકા પોતાના બાળપણના ભેરુની રાહ જોતી છેવટે ભારે હૈયે વિદાય લે છે તેની લેખકે પ્રકૃતિના તત્વો નો સુંદર સમન્વય કર્યો છે.નાનપણમાં સાથે ભણવા જતા ત્યારથી માડીને મેળામાં માણેલી મજાને વાગોલતી નાયિકા સીમમાં કામ કરતી જાય છે. તેનામાં રહેલી લાગણીની સીમમાં કામ કરતી જાય છે.તેનામાં રહેલી લાગણીની સચ્ચાઈ વાચકને ખળભળાવી મૂકે તેવી છે . શહેરમાં રહી ભણતો તેનો ભેરુ તહેવારના દિવસોમાય આવતો નથી. ત્યારે મૂંઝાતી નાયિકા વિદાય લે છે.સાસરી માથી તેડવા આવેલા માણસની પાછળ રહીને તેના ભેરું વાડામાં જાય છે. કશુક છૂટી ગયાનો વસવસો અને ભીની આંખે તે વિદાય લે છે.ત્યારે લેખક લખે છે કે ...."મનુના ઉંબરે માથું ટેકવીને ધીમી પણ મકમ ચાલે ચાલી જતી પસીને આખું ફળિયું ભીની આંખે જોઈ રહ્યું....

આ ઉપરાંત "પડતર અને બાવળના ફૂલ જેવી વાર્તામાં સામાજિક રૂઢીઓ તથા સામાજિક-આર્થિક કારણો સર અતૃપ્ત અને હુફ વિના જીવન ઘસી નાખતી સ્ત્રી ની વાત છે. સંગ્રહની તમામ વાર્તાઓ માનવી સ્વભાવની અને તેના મનની સંકુલતા ને વર્ણવે છે.અતૃપ્તિ અને અભાવ જાણે સંગ્રહનો પ્રાણ વાયુ બની જાય છે. 'વિચ્છેદ 'જેવી વાર્તામાં સમાજનું આબેહૂબ ચિત્ર લેખક આપે છે.ભણેલા-ગણેલા અને પોતાની જાતને સુધારેલા કહેતા શહેરમાં રહેતા લોકો પણ કેવું કુંઠિત અને સંકુચિત જીવન જીવે છે. તેનું

નિરૂપણ આ વાર્તામાં છે. ગ્રામીણ જીવનના સંસ્કાર ,આવકાર અને માનવત્તા ને કોરે મૂકી ડે છે. સગી બહેનને પોતાના પિતાના મરણ સમયે પણ ઘરમાં ના આવવા દેતા,ના મળવા દેતા સમાજનું વરવું ચિત્ર આ વાર્તામાં લેખકે દોર્યું છે.

'મગન સોમાની આશા' વાર્તામાં ગામડામાં રહેતા પિતા પોતાનું ઘર સાજું કરવા કે આર્થિક સંકડામણમાથી છૂટવા પોતાની દીકરીનો પૈસામાં સોદો કરે છે. મનથી જેને પતિ નથી માંથી તેવી આશા છેવટે સાસરું છોડી રાત્રે ભાગી નીકળે છે.ભીષણ રાત્રીમાં તેનું જીવન અંધકારમાં અલોપ થઈ જાય છે. "ખારાપાટ 'જેવી વાર્તામાં પણ માનવીય સંબંધો અને પ્રેમ ઝંખતા માનવીની વાત કરવામાં આવી છે.

આ વાર્તા સંગ્રહની વિશેષતા તેની રજૂઆત છે.ગામડાનાં જીવન ની વાસ્તવિકતા અને સામાજિક રૂઢીઓ સાથે ગામડાનું સચેતન અને પરંપરા થી ધબકતું જીવન તેમાં વર્ણવાયેલું છે. ગામડાનું ખોટું નહીં પણ વાસ્તવિક ચિત્ર એક સંવેદનશીલ સર્જકની નજરે નિહાળવું તેમાં એક લ્હાવો છે. ગામડા ના લોકોની સમસ્યાઓ,પ્રશ્નો સર્જકતાથી તીખા બનાવ્યા વિના સુંદર શૈલીમાં વર્ણવી લેખક વાચકોને પોતાનો સંદેશો પહોચાડે છે. વિવિધ ઋતુઓ,વનસ્પતિ,ખેતીના પાકો,જમીન,વણખેડાયેલી જમીન પડતર, પાણી, નદી, પર્વત જેવા કુદરતી તત્વોનો ગ્રામીણ જીવન સાથેનો નાતો અને લોકજીવનમાં વણાઈ ગયેલા આ તત્વોનું મહત્વ પણ એક રીતે લેખક દર્શાવે છે.લોકબોલીમાં લખાયેલી આ વાર્તા એ વિષય માં વિવિધ સ્વરૂપોને લોકબોલીમાં પ્રગટ કરે છે.આ લોકબોલી વાતાવરણ રચવામાં તીર જેવી સાબિત થાય છે. સંગ્રહની એક આખી વાર્તા વાંચ્યા પછી વાચક આંચકો અનુભવે છે. તેમાં ભારોભાર છે.

**સંદર્ભ સૂચિ**

૧. બાપાનો છેલ્લો કાગળ વાર્તા સંગ્રહ